# ઓરાણ ગામની સીમામાં જમીન ઉપર બીન અધિકૃત રીતે કબજો કરી બેઠતા પોલીસ ફરીયાદ

## તાજપુરના ઈસમ સામે પોલીસ ફરિયાદ થઈ : પ્રાંતિજ પોલીસે ગુનો નોંધી આગળની તપાસ હાથ ધરી : આઇપીસી કલમ-૫૦૪, ૫૦૬(૨) તથા ૩, ૪(૧), ૪(૨), ૫(સી) મુજબ ગુનો નોંધયો

પ્રાંતિજ તા.૨

સાબરકાંઠા જિલ્લા ના પ્રાંતિજ તાલુકાના ઓરાણ ગામની સીમમા આવેલ જમીન ઉપર બીન અધિકૃત રીતે કબજો કરી બેઠતા તાજપુર ના ઈસમ વિરૂધ્ધ પ્રાંતિજ પોલીસ સ્ટેશન મા પોલીસ ફરિયાદ થઈ.

પ્રાંતિજ ના ઓરાણ ગામની સીમમા આવેલ અબ્દુલ ભાઈ શાહભાઈ મનસુરી કે હાલ મરણ ગયેલ છે તેવો ની જમીન યોગેશભાઈ ઈશ્વરભાઈ પટેલ રહે. સાણોદ ફાર્મ હાઉસ, ઈસનપુર રોડ તા દહેગામ જિ.ગાંધીનગર દ્વારા અબ્દુલ ભાઈ પાસેથી રજિસ્ટર વેચાણ દસ્તાવેજ નં ૭૨૬।૨૦૧૧ તા ૨૩।૬।૨૦૨૦૧૧ થી કિ રૂ.૫,૫૧,૦૦૦ માં વેચાણ રાખેલ હતી જેથી સદર જમીન ના યોગેશભાઈ પટેલ કાયદેસર ના માલિક બનેલ અને ૭૧૨ ના ઉતારા મા પણ પાકી નોંધો પડેલ અને રેવન્યુ રેકર્ડ માં યોગેશભાઈ નુ નામ દાખલ થયેલ છે ત્યારે તાજપુર ખાતે રહેતા માસંગજી રામાજી ચૌહાણ તથા તેમના કુંટુંબ ના માણસો આવીને કહેવા લાગેલ કે આ જમીન તો અમારે રાખવાની હતી તેમ કહેલ અને તમે રાખી એમ કહી યોગેશભાઈ પટેલ સામે બોલાચાલી કરી હતી જેથી યોગેશભાઈ પટેલ દ્વારા સમાવતા બીજા લોકો માની ગયા હતા ત્યારે યોગેશભાઈ પટેલ અવારનવાર જમીન મા જતા તે વખતે માસંગજી ચૌહાણ ત્યા આવી મા-બહેન સામી બિભત્સ ગાળો બોલી અને કહેલ કે જો હવે પછી જમીનમા પગ મુકયો છે તો તને જીવતો નહી જવાદઉ તેવી જાનથી મારી નાંખવાની ધમકીઓ આપી હતી અને યોગેશભાઈ પટેલ ની જમીન ઉપર બિનઅધિકૃત રીતે કબજો કરીને છેલ્લા દશ વર્ષ થી ગેરકાયદેસર કબજો કરી મા-બહેન સામી બિભત્સ ગાળો બોલી જાનથી મારી નાંખવાની ધમકીઓ આપતા પ્રાંતિજ પોલીસ સ્ટેશન મા યોગેશભાઈ ઈશ્વરભાઈ પટેલ દ્વારા પોલીસ ફરિયાદ કરતા પ્રાંતિજ પોલીસે માસંગજી રામાજી ચૌહાણ ગામ તાજપુર તા.પ્રાંતિજ , જિ.સાબરકાંઠા વિરૂધ્ધ આઈપીસીકલમ ૫૦૪,૫૬(૨)તથા ગુજરાત જમીન પચાવી પાડવા પર પ્રતિબંધ કાયદો ૩,૪(૧),૪(૨),૫(સી) મુજબ ગુનોનોધી આગળની કાયદેસર ની કાર્યવાહી હાથ ધરી હતી.



બાળકોમાં જ્ઞાન શક્તિનો ખૂબ જ ભંડાર ભરેલો છે જો તેમને યોગ્ય માર્ગદર્શન આપવામાં આવે તો તે બાળકો ખૂબ જ સુંદર કામ કરી પોતાની કારક રીતે બનાવી શકે છે એ જ રીતે બાળ કલાકાર દિવ્ય વિપુલકુમાર મોઢ તેમજ માતા અંજનાબેન મોઢ તેમજ ચિત્ર શિક્ષક તેમજ શાળા પરિવાર દ્વારા વિશેષ માર્ગદર્શન મેળવી દિવ્ય મોઢ ચિત્રકલામાં ખૂબ જ સુંદર કામ કરી વિવિધ ચિત્રો તૈયાર કરી પ્રશંસનીય કાર્ય કરે છે.

# ડીસાના બુરાલ ગામના ગામતળની જમીનમાં દબાણનો રાફડો ફાટ્યો



ડીસા, તા. ૨

ડીસા તાલુકાના બુરાલ ગામે ગામ તળની જમીનમાં ૨૦૦ વિઘાથી પણ વધુ જગ્યામાં ગામના જ શખ્સોએ દબાણ કરેલું છે. અગાઉ ૨૦૧૪ માં દબાણ હટાવ ઝુંબેશમાં ગામના કેટલાક લોકોના દબાણ તોડી પડાયા હતા. તે વખતે દબાણ તોડવામાં વ્હાલા દવલાની નીતિ અપનાવાઈ હોવાનો આક્ષેપ ગ્રામજનો કર્યો હતો. ત્યારબાદ ગ્રામજનોએ વારંવાર તમામ દબાણો દૂર કરવા તાલુકા પંચાયત કચેરીથી લઈ કલેક્ટર કચેરી સુધી રજૂઆત કરેલી છે, પરંતુ દબાણ દૂર કરવા કોઈ કાર્યવાહી થતી નથી. આ બાબતે ગામલોકોએ જણાવ્યું કે હાલમાં ગામના મહિલા સરપંચના પતિ વહીવટ કરી રહ્યા છે. તેમજ સરપંચના મળતીયાઓ દ્વારા જ ગામતળની જમીનમાં બોર બનાવી ખેતી કરાતી હોવાથી કહેવા જતા સરપંચ લોકોને હડધૂત કરી આ દબાણદારોને બચાવી રહ્યા છે. જો આ ગામતળની જગ્યા ખુલ્લી કરાય તો ગામમાં તમામ જાતિના ઘરવિહોણા લોકોને પ્લોટ આપી શકાય તેમ છે. તેવી રજૂઆત ગ્રામજનોએ ડીસા નાયબ કલેક્ટર કચેરીએ કરી આવેદનપત્ર આપ્યું હતું.

# સેવા ગ્રુપ અમદાવાદના સભ્યોએ શ્રવણ સુખધામ સંસ્થાની મુલાકાત લીધી



ગાંભોઈ, તા. ૧

અમદાવાદ સેવા ગ્રુપના ૨૫૦ થી વધુ સભ્ય ભાઈ બહેનો એ સાબરકાંઠા જિલ્લાના પુનાસણ ગામે આવેલ શ્રવણ સુખધામ સંસ્થાની મુલાકાત લીધી હતી કુદરતી ડુંગરોની વનરાજી ની ગોદમાં આવેલ આ સંસ્થાની સેવાકીય પ્રવૃત્તિઓ નિહાળી આનંદ વ્યક્ત કર્યો હતો. સંસ્થા દ્વારા ચલાવાતા અબોલા જીવ સેવા યજ્ઞ અને વિહંગ નો વિસામો ના અભિયાનને બિરદાવ્યું હતું સંસ્થાના પ્રતિનિધિ ભાવેશભાઈ પ્રજાપતિ એ સેવા ગ્રુપના આયોજકોને પક્ષીઘર, ચણપાત્ર અને પાણીના કુંડા આપીને સન્માનિત કરી આવકાર્યા હતા.

### તલોદ તાલુકાના ગ્રામ્ય વિસ્તારોમાં વરસાદને કારણે

# ખાડા પડતા ભારે હાલાકી પડતા કલેકટરને આવેદનપત્ર આપતા રોડની મરામત કરાવાઈ

તલોદ, તા. ૨

તલોદ તાલુકાના ગ્રામ્ય વિસ્તાર સહિત શહેરી વિસ્તાર માં પડેલા વરસાદને કારણે તાલુકાના ફાટક પાસે ઓવરબ્રિજ ની કામગીરી હાથ ધરાઈ હોવાથી હરસોલ થી ચિલોડા તરફ જતા ભારે વાહનો અને ફોર વ્હીલર ગ્રામજનો નો અવાજ તંત્ર ના બહેરા કાને ન પહોંચતા તલોદ કેશર પુરા થઈ મહિયલ ગામ નો ખાડા ખાડિયા અને ઉખડ બાખડ



વિવિધ ગ્રામ્ય માર્ગો નું ધોવાણ થવાની સાથે મસ મોટા ખાડા પડી જતાં વાહન ચાલકો ભારે હાલાકી વેઠવી પડે છે તલોદ તાલુકાના ગ્રામ્ય માર્ગો તલોદ થી હિંમતનગર, પ્રાંતિજ તલોદ થી ઉજેડિયા તલોદ થી હરસોલ, તાજપુર કેમ્પ થી વાવ પદુંસણ સહિત ના માર્ગો પર પડેલા મસ મોટા ખાડા નુ તંત્ર દ્વારા તાત્કાલિક સમારકામ કરવામાં આવે તેવી વાહન ચાલકો એ માગણી કરી હતી બીજી તરફ તલોદ રેલવે માટે જિલ્લા કલેકટર દ્વારા અધિકૃત જાહેરનામું પ્રસિદ્ધ કરી તલોદ ચાર રસ્તા થી કેશરપુરા થી મહિયલ થઈ ભારે વાહનોની અવરજવર રહેતી હોય છે વાહનો ની અવર જવરના લીધે અને ભારે વરસાદ ના કારણે ડાય વર્ઝન વાળા રસ્તા નું ધોવાણ થઈ મસ મોટા ખાડા પડી ગયા હોવા છતાં રોજના હજારો વાહનો ની અવર જવર હોવા છતાં રસ્તો રિપેર કરવા માટે વારંવાર ની રજૂઆત કરવા છતાં વાહન ચાલકો અને મહિયલ રોડ નું તાકીદે મરામત કરાવવા માટે મહિયલ ના તાલુકા પંચાયત સદસ્ય દિલાવર સિંહ ઝાલા ની આગેવાની હેઠળ તલોદ તાલુકા વિકાસ અધિકારી ને રજૂઆત કરી રોડ મરામત કરવા માટે માગણી કરી આવેદન પત્ર આપ્યું હતું આવેદન પત્ર આપતા ની સાથે તંત્ર હરકત માં આવ્યું હતું અને બે કલાક માં જ તલોદ ગામ થી મહિયલ થઈ કેશરપુરા ના રોડ ના મરામત ની કામગીરી હાથ ધરી હતી.

# અરવલ્લીના ખેલાડીએ ટેબલ ટેનિસ અંડર-૧૭ વિભાગમાં ગોલ્ડ મેડલ જીત્યો




બાયડ, તા. ૨

અરવલ્લી જિલ્લાના રહીયોલ ગામના ખેલાડી રુદ્ર પ્રકાશભાઈ પટેલે નેશનલ ટેબલ ટેનિસ અંડર-૧૭ વિભાગમાં ગોલ્ડ મેડલ જીતી અરવલ્લી જિલ્લા સહિત સમગ્ર પરિવારને ગૌરવ અપાવ્યું છે.

પ્રાપ્ત જાણકારી અનુસાર જિલ્લાના ધનસુરા તાલુકાના રહીયોલ ગામના પ્રકાશભાઈ પટેલના પુત્ર અમદાવાદ ખાતેની સ્કુલમાં અભ્યાસ કરી રહ્યો છે. મણીપુર ઔડા ખાતે યોજાયેલી ટેબલ ટેનિસ નેશનલની મેચમાં અંડર-૧૭ના વિભાગમાં રુદ્ર પટેલે રિફને પરાસ્ત કરી ઝળહળતો ગોલ્ડ મેડલ જીતી સમગ્ર જિલ્લાને વધુ એક ગૌરવ અપાવ્યું છે. છેલ્લા કેટલાય સમયથી ટેબલ ટેનિસમાં અરવલ્લી જિલ્લાનું રાષ્ટ્રીય કક્ષાએ આગવું સ્થાન રહ્યું છે.

# પ્રાંતિજ દુધ ઉત્પાદક સહકારી મંડળીની વાર્ષિક સાધારણ સભા યોજાઈ

## ગાય-ભેસનુ વધુ દુધ ભરાયેલ સભ્યોનુ મોમેન્ટો આપી સન્માન કર્યુ : મંડળીના સભાખંડમા ૪૩મી વાર્ષિક સભા યોજાઈ





પ્રાંતિજ તા.૨

સાબરકાંઠા જિલ્લાના પ્રાંતિજ ખાતે આવેલ ધી પ્રાંતિજ દુધ ઉત્પાદક સહકારી મંડળની ૪૩ મી વાર્ષિક સાધારણ સભા યોજાઈ. પ્રાંતિજ દુધ ઉત્પાદક સહકારી મંડળીની ૪૩ મી વાર્ષિક સાધારણ સભા મંડળીના સભાખંડ ખાતે યોજાઈ હતી જેમા હિસાબો વંચાણે લીધાબાદ ૨૦૨૨-૨૦૨૩ મા વધુ કિંમત નુ દુધ ભરાયેલા ગાયના તથા ભેસ ના દુધ ના દશ-દશ સભ્યોને મોમેન્ટો આપી સન્માન કરવામા આવ્યુ હતુ તો સભામા કામોનુ સર્વાનુમતે મંજુર કરવામા આવ્યા હતા ૪૦૫ સભાસદો ધરાવતી આ દુધ મંડળીમા મોટી સંખ્યામા સભ્યોની હાજરી જોવા મળી હતી તો આ પ્રસંગે મંડળીના ચેરમેન ચિનુભાઈ પટેલ, સેકેટરી રામાભાઈ પટેલ, રમેશભાઈ મિસ્ત્રી , ભીખાજી મકવાણા, વિનુભાઈ રાવળ સહિત મંડળ ના સભાસદો મોટી સંખ્યામાંઉપસ્થિત રહ્યા હતા.



શ્રીનાથજી હવેલી અને સર્વમંગલા દેવી ટ્રસ્ટ તલોદ સંચાલિત શ્રીનાથજી હવેલી તલોદ ખાતે પવિત્ર પરષોત્તમ માસ માં ચાલતા હિંડોળા ઉત્સવ અંતર્ગત ચૂંદડી મનોરથ નું ભવ્ય આયોજન કરવામાં આવ્યું હતું આ મનોરથ ના મનોરથી જાગૃતિ બેન હરેશ ભાઈ શાહ મુંબઈ દ્વારા આયોજન કરવામાં આવ્યું આ મનોરથ માં તલોદ અમદાવાદ સહિત વિવિધ જગ્યાએ વસતા વૈષ્ણવ ભાઈ બહેનો મોટી સંખ્યામાં ઉપસ્થિત રહી દર્શન અને મહાપ્રસાદ ગ્રહણ કર્યો હતો

# મોડાસા મખદૂમ ચોકડી નજીક નગરપાલિકાના વીજપોલમાં કરંટ ઉતર્યો : એક યુવક અને બે ગાયને કરંટ લાગ્યા

મોડાસા, તા. ૨

અરવલ્લી જીલ્લાના મુખ્યમથક મોડાસા શહેરમાં નગરપાલિકા સંચાલિત સ્ટ્રીટ લાઈટના થાંભલા પર લગાવેલ સેફટી બોક્ષ અનેક જગ્યાએ તૂટી ગયેલી હાલતમાં જોવા મળી રહ્યા છે સેફટી બોક્ષ તૂટી જતા જીવંત વાયરો ખુલ્લા થઈ જવાથી અને વીજવાયરો પર લગાવેલ પ્લાસ્ટિક કવર પર નીકળી ગયું હોવાથી જીવંત તાર રીતસરના નિર્દોષ લોકોના માથા પર મોતની માફક લટકી રહ્યા છે મોડાસા શહેરની મખદૂમ ચોકડી નજીક સ્ટ્રીટલાઈટ ના પોલ પરથી વીજકરંટ ઉતરતા એક યુવક અને બે ગાયને વીજ કરંટના ઝટકા લાગતા નજીક ઉભેલા જાગૃત યુવકોએ સ્થાનીક કોર્પોરેટર લાલાભાઈ વાયરમેનને જાણ કરતા સ્થળ પર પહોંચી નગરપાલિકાને જાણ કરતા મખદૂમ ચોકડી થી મદીના મસ્જિદની સ્ટ્રીટ લાઈટ બંધ કરી દીધી હતી સદનસીબે મોટી જાનહાની ટળી હતી.

મોડાસા નગરપાલિકા દ્વારા શહેરના મુખ્યમાર્ગો અને રહેણાંક વિસ્તારોના માર્ગો પર સ્ટ્રીટ લાઈટ લાઈટ લગાડવામાં આવી છે નગર પાલીકા સ્ટ્રીટ લાઈટના થાંભલાની યોગ્ય રીતે જાળવણી ન કરતા છાસવારે સ્ટ્રીટલાઈટનો પુરવઠો ખોરવાઈ જતો હોય છે અને કેટલાક વીજપોલ પર વીજવાયરની સેફટી માટે લગાવેલ સેફટી બોક્ષ પણ તૂટી ગયા હોવાથી વીજ અકસ્માતની દહેશત સર્જાઈ છે

મોડાસા શહેરના કોલેજ રોડ પર આવેલી મખદૂમ ચોકડી નજીક રવિવારે રાત્રે સ્ટ્રીટલાઈટના વીજપોલ પરથી કરંટ ઉતારતા નજીકથી પસાર થતા યુવકને વીજ કરંટનો ઝાટકો લાગ્યા બાદ બે ગાયને વીજ કરંટ લાગતા ભારે અફડાફડી મચી હતી વીજપોલ પરથી કરંટ ઉતરતા હોહા થતા નજીક ઉભેલા જાગૃત યુવકોએ સ્થાનિક કોર્પોરેટર લાલાભાઈ વાયરમેનને ફોન કરી હકીકત જણાવતા તાબડતોડ દોડી આવી ટેસ્ટરથી ચેક કરતા ખુલ્લા વીજવાયર માંથી વીજકરંટ





લાગતો હોવાનું જણાતા નગરપાલિકાના વીજકર્મી કૌશિકભાઈને જાણ કરી મખદૂમ ચોકડી થી મદીના મસ્જિદ સુધી સ્ટ્રીસ્ટ લાઈટ બંધ કરી દેવામાં આવી હતી જાગૃત યુવકોની જાગૃતતાના પગલે વીજ અકસ્માતની ઘટના અટકતા લોકોએ હાશકારો અનુભવ્યો હતો વીજકરંટના પગલે સ્ટ્રીટ લાઈટ બંધ કરાતા મખદૂમ ચોકડીથી મદીના મસ્જિદ રોડ પર અંધારપટ છવાયો હતો

# વરસાદમાં સરીસૃપ જીવોની આક્રમક્તા વધી : સાબરકાંઠા, અરવલ્લીમાં સાપ કરડવાના બનાવમાં ચોંકાવનારો વધારો

બાયડ, તા.૨

સાપને આમ તો ખેડૂતોનો મિત્ર કહેવામાં આવે છે પરંતુ અનરાધાર વરસાદ વરસતાં



સરીસૃપ શ્રેણીમાં આવતા સર્પોની આક્રમકતા વધી ગઈ છે. સાબરકાંઠા, અરવલ્લી જિલ્લામાં પાછલા ૫૪ દિવસ દરમ્યાન ૬૧ લોકોને સાપે ડંખ દેતાં સારવાર માટે હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા છે. સરકારી હોસ્પિટલો અને ઈમરજન્સી-૧૦૮ના દફતરે નોંધાયેલા આંકડા છે પરંતુ ખાનગી આંકડો તેનાથી વધુ હોઈ શકે છે.

સાપ દર બનાવીને રહેતા હોય છે અને ચોમાસા દરમ્યાન દર પુરાઈ જતાં સર્પો જાહેરમાં અનેક સ્થળે જોવા મળે છે અને ખાસ કરીને ખેતરોમાં તો શેઢા ઉપર જો ધ્યાન રાખવામાં ન આવે તો ખેડૂતો સર્પોના શિકાર બની જાય છે અને ક્યારેક ઝેરી સર્પના ડંખથી ખેડૂતોના મોત નિપજ્યાના કિસ્સા પણ નોંધાતા હોય છે. જૂન મહિનાથી સાબરકાંઠા, અરવલ્લી જિલ્લામાં ચોમાસુ જામ્યું છે. બંન્ને જિલ્લામાં સરેરાશ ૫૭.૬૦ ટકા વરસાદ નોંધાયો છે. ત્યારે અનેક વિસ્તારોમાં સર્પો દેખાવવાની સંખ્યામાં વધારો થયો છે. લોક જાગૃતિના કારણે સર્પોને ભગાડી દેવામાં આવે છે અન્યથા કેટલાક લોકો ભૂતકાળમાં લાઠીઓ વિંઝી સર્પોને પરધામ પહોંચાડી દેતા હતા. પાછલા ૫૪ દિવસમાં સાબરકાંઠા અને અરવલ્લી જિલ્લામાં સાપ કરડવાના ૬૧ બનાવ નોંધાયા છે. અરવલ્લી કરતાં સાબરકાંઠા જિલ્લામાં સાપ વધુ આક્રમક બન્યા છે અને એપ્રિલ-મે. મહિના કરતાં જૂન-જુલાઈ મહિનામાં સાપ કરડવાની સંખ્યામાં બમણો વધારો નોંધાયો છે જેથી ચોમાસા દરમ્યાન ખેડૂતો અને પ્રજાએ સાપના ડંખથી સાચવવું રહ્યું. ખેડબ્રહ્મામાં સાપ વધુ આક્રમક પાછલા ૨ મહિના દરમ્યાન ખેડબ્રહ્મા તાલુકામાં સાપ કરડવાના સૌથી વધુ ૨૦ બનાવો નોંધાયા છે. ખેડબ્રહ્મા તાલુકામાં સર્પો આક્રમક બનવાનું કારણ શું ?? તે હવે સંશોધનનો વિષય બન્યો છે.




ડીસામાં બઝમે અસગરી દ્વારા રકતદાન કેમ્પ યોજાયો હતો.૮૦ બોટલ લોહી યુવાનોએ ૭૨ સહિદોની યાદમાં આપ્યું. ડીસા ડીસા ઈન્સાનિયત હોસ્પિટલમાં બઝમે આગરી દ્વારા હઝરત ઈમામ હુસેન તથા તેમના ૭૨ યુવાન શહીદોની યાદમાં બ્લડ કેમ્પ યોજવામાં આવ્યો હતો. જેમાં હિન્દુ મુસ્લિમ યુવાનોએ ૮૦ બોટલ લોહી આપી શહીદોની યાદ અપાવી હતી. આ બ્લડ કેમ્પને સફળ બનાવવામાં હઝરત સૈયદ મોહમદ અલી બાવા તથા સૈયદ હસન અલી બાવા દ્વારા ભારે જહેમત ઉઠાવવામાં આવી હતી.